## પ્રવચન નં. ૭ ગાથા - ૧ તા. ૧૩-૬-૧૯૭૮ મંગળવાર જેઠ સુદ-૭ સં.૨૫૦૪

સમયસાર ! પહેલી ગાથા ચાલે છે, અહીં સુધી આવ્યું છે. ' પંચમગતિ મોક્ષ તેને પામે છે ' ત્યાં સુધી આવ્યું છે. હવે એ ગતિ કેવી છે, એ વાત ચાલે છે, વિશેષણો પહેલાં આપ્યા છે, ધ્રુવ, અચલ અને અનુપમ એનાં વિશેષણો હવે સ્પષ્ટ કરે છે. અંદરમાં સ્થાપીને પોતાની પર્યાયમાં, અનંત અનંત સિધ્ધોને સ્થાપીને અને વોચ્છામિ કીધું છે ને ? કહીશ, તો કો 'કને કહે છે ને ? વોચ્છામિ કીધું છે ને ? કહીશ તો એને પણ કહે છે હું કહીશ, એને પણ હું સિદ્ધોને સ્થાપું છું.

એવા સિદ્ધનું ધ્યાન કરીને, પોતાના સ્વરૂપને ધ્યાવે, અને તેથી તે સિદ્ધપદને પામે, તેને અહીંયા સિદ્ધગતિ કહે છે, એ સિદ્ધગતિ કેવી છે ? એ કહે છે, કેવી છે પંચમગતિ ? સ્વભાવભાવરૂપ છે. સ્વભાવરૂપ છે એમ નથી કીધું કેમકે પર્યાય છે ને ! સિદ્ધની પર્યાય છે એટલે સ્વભાવભાવરૂપ છે," સ્વભાવભાવભૂતતયા " એમ શબ્દ છે ને ! મૂળ સંસ્કૃત શબ્દ એમ છે–સ્વભાવભાવભૂતતયા, સ્વભાવભાવરૂપ– ભૂતનો અર્થ રૂપ. આહાહા ! સિદ્ધ ગતિને પામ્યા એ અનંતા સિદ્ધોને મારા અને તમારા આત્મામાં સ્થાપું છું. આહાહા ! તે સિદ્ધ કેવા છે ? કે પંચમ ગતિને પામેલા છે. આહાહાહા ! સ્વભાવભાવરૂપ થઈ ગયેલા છે. સ્વભાવ તો ત્રિકાળ છે પણ અહીંયા તો સ્વભાવભાવની પર્યાયરૂપ થયા છે દશામાં, સિદ્ધ ભગવાન એની પર્યાયમાં સ્વભાવભાવરૂપ થયા છે. સ્વભાવભાવરૂપ છે. વસ્તુ તો સ્વભાવ છે, ભગવાન આત્મા સિદ્ધ સ્વરૂપ જ છે, તેથી તો પર્યાયમાં અનંતા સિદ્ધોને સ્થાપીને કહીશ, તો કહેનારને અને સાંભળનારને– બેયને સ્થાપીને એમ કહ્યું. આહાહા ! અને તે ગતિ કેવી પામે છે ? કે સ્વભાવભાવરૂપ– જેવો એનો સ્વભાવ છે એવો જ એની દશામાં સ્વભાવભાવરૂપ દશા પામે છે. સ્વભાવ ભાવ એટલે એની પર્યાય બતાવે છે. સ્વભાવ ત્રિકાળ, વર્તમાન એનો સ્વભાવભાવરૂપ થઈ ગયા છે. આહાહા ! પંડિતજી ! આહાહા !

જેવો એનો સ્વભાવ હતો એવી જ દશા પર્યાયમાં– એના ભવનરૂપી ભાવમાં, સ્વભાવભાવરૂપ દશા થઈ છે. આહાહા ! તેથી એને ધ્રુવ કહે છે. પર્યાયને ધ્રુવ કહે છે. ધ્રુવ સ્વભાવ જે હતો, સ્વભાવ ધ્રુવ હતો એમાંથી પર્યાયને સ્વભાવભાવરૂપ પરિણમાવી, એને ધ્રુવ કહીએ છીએ. આહાહા ! ( બે ધ્રુવ થયા ત્રિકાળ ધ્રુવ અને એક વર્તમાન ધ્રુવ ) હા, ધ્રુવ એ પર્યાય છે અહીંયા. કારણ તો એમ કહેવું છે ને કે સ્વભાવરૂપ દશા થઈ ગઈ, હવે એને ત્યાંથી ફરવાનું નથી, ધ્રુવ થઈ ગયું. આહાહા ! ચાર ગતિમાં તો બદલી જાય છે ગતિ, એક ગતિમાંથી બીજી ગતિ આ તો ધ્રુવ ( પર્યાય ! ) આહાહા ! એ કહે છે. જુઓ.

સ્વભાવભાવરૂપ છે તેથી, સ્વભાવભાવરૂપ છે તેથી, ' સ્વભાવભાવભૂતતયા ધ્રુવત્તં ' એમ તેથી ધ્રુવપણાને અવલંબે છે સંસ્કૃત છે ને ? ' સ્વભાવભાવભૂતતયા ધ્રુવત્તં ' આહાહા ! એમ કરીને સ્વભાવ પણ જેનો હતો ઈ. એ કાંઈ નહતો એમ નહિ. એમ એ આવ્યું તો એ કાંઈ બહારમાંથી કોઈ ચીજ નથી આવી. આહાહા ! એનો એ સ્વભાવભાવ હતો, તે સ્વભાવભાવરૂપ પર્યાયમાં ભાવ થઈ ગયો. આહાહા ! સ્વભાવભાવ તો ત્રિકાળ હતો. એમાંથી વર્તમાન પર્યાયમાં

તે ભાવની સ્થિતિરૂપ, ભાવનારૂપ રૂપે પરિણતિ થઈ ગઈ. આહાહા ! એને અહીંયા સિદ્ધગતિ કહેવામાં આવે છે. ' ઈણમો ' શબ્દ છે ને ' ઈણમો ', ' ઈણમો ' શબ્દ વસ્તુને નહિ, કહેશું એને લાગુ પડે છે. ' વોચ્છામિ સમય પાહુડં ઈણમો ' ' આ ', ઓહો એમ છે ને ? ઈણમ્ ઓ ઈણમ્ ઓ. ઈદમ ' ઓ ' ' મ ' આની કોર આવી ગયો ' ઈદમ્માં ' ' ઓ ' જુદો પડી ગયો. આ અહો એમ કરીને કહે છે, આહાહા ! આવું શાસ્ત્ર, આ અહો; શ્રુતકેવળી ભણિયં આહાહા ! તે કહીશ. આહાહા ! શું શબ્દો ? ઈણમો શબ્દ છે ને ઈણમ નો અર્થ ઈદમ્ અને ' ઓ ' એમાંથી પણ જૂદો પાડયો " ઓહો " આ ! ઓહો ! શ્રુતકેવળી કેવળી ભણીયં, એવા સમયસારને હું કહીશ. હું તો છું પણ જેને સાંભળવું છે એને કહીશ એટલે એ જીવોને પણ સિદ્ધ દશાની પર્યાયમાં સ્થાપ્યા છે. ( એ બધા સિદ્ધ ( દશા ) પામશે. ) એ પામશે જ અહીંયા તો એક જ વાત છે ને ! અહીં બીજી વાત છે નહીં. આહાહા ! કોઈને થોડો વખત લાગે કોઈને ઘણો લાગે. આહાહા ! કેમ કે ' આ અહો ! આશ્ચર્યકારી વાત બતાવે છે એ ભવ્ય એમ કીધું ને ? આહાહા ! ત્યાંથી એમ ઉપાડયું અહો ! ભવ્ય જીવો એમ કહ્યું. ગાથાર્થમાં કહ્યું, ગાથાર્થમાં એમ કહ્યું છે, અહો. છે ? અહો ! શબ્દ છે, અહો ! શબ્દ મૂક્યો છે, આહા ! અહો શબ્દ છે ને ? મૂળ પાઠમાં, શબ્દાર્થમાં છે. એ ' અહો ' કહીને તો હું શ્રુતકેવળીએ કહેલું, કેવળીએ કહેલું અને શ્રુતકેવળીએ કહેલું, ભાઈ અહો ! આ કહેવાનો અવસર આવ્યો ને ? સાંભળનારને પણ આવ્યો સાંભળવામાં, આહાહા ! એમ કહીને અહો ! આશ્ચર્ય બતાવે છે. ત્રણલોકના નાથ કેવળીએ કહ્યું ( તે જ ) કહીશ અને શ્રુતકેવળીએ કહેલું કહીશ. આહાહા ! આવો વખત ક્યારે હોય એમ કહે છે, સાક્ષાત્ ભગવાને ( સીમંધર પ્રભુએ ) કહ્યું. એ મેં સાંભળ્યું અને શ્રુતકેવળી પાસે ચર્ચ્યું, એ હું કહીશ, આહાહા ! એમાંથી કેટલો ઈતિહાસ નીકળે છે ? કે એ ભગવાન પાસે ગયા 'તા કે નહિ ? એ પોતે એમ ક્યાં કહે ? પણ આમાં એ આવી જાય છે. ભગવાન કહે છે એ કહીશ, એનો અર્થ જ એ થઈ ગયો કે ભગવાન પાસે સાંભળ્યું છે, આહાહા ! અને શ્રુતકેવળીઓ પાસે ચર્ચ્યું છે. એવી સમયસારની સ્થિતિ જે આત્માની એને હું કહીશ. તો એમાં કોઈ ટીકા કરે છે ( કે ) હું કહીશ એ તો આવે છે. એમાં હું કહીશ પણ ભાષામાં શું આવે ? એમ કે વાણી છે એ તો પર છે તો કહીશ, એમ કેમ આવ્યું પાછું ત્યાં, પણ ભાષામાં બીજું આવે શું ? કહીશ. નીકળશે વાણીને યોગે વાણી, પણ મારો જ્ઞાનભાવ જે છે એને અનુસારે ( વાણી ) થાશે, અનુસારે ભાષા થાશે, ભાષા ભાષાને કારણે છે. પણ જેમ વાણી સર્વજ્ઞ અનુસારિણી છે, બીજા શ્લોકમાં આવી ગયું ને ! વાણી જેમ પરમાત્માની સર્વજ્ઞ અનુસારિણી, અનુભવશીલી એનો અર્થ કર્યો છે. કેવળજ્ઞાનને અનુસરીને એમ, આ મેં ભગવાન પાસે સાંભળ્યું છે, શ્રુતકેવળી પાસે જાણ્યું છે એને અનુસારે વાણી નીકળશે. આહાહાહા ! સમજાણું કાંઈ ? એકેક શબ્દમાં બહુ જ ઘણી ઊંડપ ભરી છે, ઘણી ઊંડપ ભરી છે. ઓહોહો ! કેટલીક તો કાલે કહેવાણી છે. પહેલા શબ્દમાંથી. આહાહા ! અહીં તો ધ્રુવમાંથી આટલુ લેવું. ( સમજવું )

એ ગતિ સ્વભાવભાવથી જ ધ્રુવપણાને અવલંબે છે એટલે ધ્રુવપણે હોય છે " ચારેય ગતિઓ પર નિમિત્તથી થતી હોવાથી ધ્રુવ નથી " એકરૂપ રહેતી નથી. ગતિ પલટાય છે સર્વાર્થ સિદ્ધની ગતિ હોય તોય પલટી જાય, મનુષ્યમાં આવી જાય ફડાક. આહાહા ! એ પાંડવો, પાંચ પાંડવમાં સહદેવ ને સાધર્મી અને મુનિ છે, છઠ્ઠે-સાતમે ગુણસ્થાને ઝૂલતા ઉપસર્ગ આવ્યો એમાં

ત્રણ તો કંઈ વિકલ્પ વિનાના કેવળ પામીને મોક્ષ પધાર્યા, પણ બે જણને જરી વિકલ્પ આવ્યો અરેરે ! કેમ હશે મુનિઓને ? આહાહા ! ત્યાં ગતિ, સર્વાર્થ સિદ્ધની થઈ ગઈ, કેવળજ્ઞાન અટક્યું, આ શુભ ભાવ, શુભ ભાવમાં, ભવ બે વધી ગયા. આહાહા ! આ તો ગતિ સિદ્ધ– જેમાં ગતિ જ નહિં બીજી. પર નિમિત્તથી થયેલી ગતિ તો પલટી જાય છે. આ તો સ્વ સ્વભાવથી થયેલી ગતિ ધ્રુવ, એ હવે પલટે નહિં. આહાહા ! સિદ્ધપણામાંથી હવે અવતાર ધારણ કરે, ( એ નહિ ) ઓલા એમ કહે છે ને ભક્તોને ભીડ પડે, રાક્ષસોથી ( પણ ભગવાનના ભક્તોને ભીડ જ પડે ! ) પણ ભીડ છે જ કેવી અંદર ? કહેવાય, ઉપસર્ગ આવે એટલે કહેવાય, ઉપસર્ગ હોય છે તે શું છે ? જાણે છે એને, છે એવું જાણે છે, અને આનંદથી સહન કરે છે, હઠથી દુઃખથી સહન નથી કરતા. આહાહા ! પરિષહ–ઉપસર્ગમાં તો ઉગ્ર જોર છે, અંતર પુરુષાર્થનો અતીન્દ્રિય આનંદમાં જોરથી પુરુષાર્થ ( ઉપડે ) આનંદ આનંદ આનંદ આનંદ દુનિયા એને દુઃખના સંયોગથી દેખે, અંદરમાં આનંદની લહેરથી અનુભવતા હોય છે. આહાહા !

અહીંયા એવી પંચમ ગતિ ! ચારેય ગતિઓ તો બીજી ( બદલે છે ) છે, ધ્રુવ નથી, ચાર ગતિ તો વિનાશિક છે. “ ધ્રુવ વિશેષણથી પંચમગતિમાં એ વિનાશિકતાનો વ્યવચ્છેદ થયો. ” હવે એ ગતિ પલટે જ નહિં. આહાહા ! મોક્ષ થયા પછી પણ અવતાર ધારણ કરે એ વાતને જુઠ્ઠી ઠરાવી. જેનો સંસાર બળી ગયો, જે ચણો બળી ગયો એ ચણો ઉગે શી રીતે ? હવે. ચણા જેવી જાત પણ બળ્યા પછી ઉગે નહિં, અને આ તો અજ્ઞાન ને રાગ દ્વેષને બાળી નાખીને આત્માની દશા ધ્રુવ પ્રગટ કરી છે. આહાહા ! એ ત્યાંથી વિનાશ પામે નહિં, ત્યાંથી વિનાશ પામે નહિં, માટે તેને ધ્રુવ કહેવામાં આવે છે.

વળી તે ગતિ કેવી છે ? અનાદિ કાળથી પરભાવના નિમિત્તથી થતું પરમાં ભ્રમણ તેની વિશ્રાંતિ– અચળ છે ને ? અચળ, અગાઢ, અચળપણાને પામી છે, અચળપણું હવે પામી. મળી એ મળી એ હવે ચળે નહિ. આહાહા ! ધ્રુવ કહ્યું, હવે, અચળ કહ્યું પાછું. આહાહા ! ચળે નહિ હવે એવી દશાને પામ્યા એવા અનંતા સિદ્ધોને મેં પર્યાયમાં સ્થાપ્યા, એ આવા સિદ્ધો છે ( એમ ) કહે છે. સિદ્ધની ઓળખાણ આપે છે પાછી. આહાહા ! તેનો પંચમગતિમાં વ્યવચ્છેદ થયો. “ ચાર ગતિઓમાં પર નિમિત્તથી જે ભ્રમણ થાય છે તેનો અહીંયા પંચમગતિમાં ” અચળ કહીને, ચળે નહિં એમ કહીને “ વ્યવચ્છેદ કહ્યો. ” ધ્રુવમાં તો અસ્તિ સ્થાપ્યું હતું આ અચળ આ હવે ચળે નહિં એમ ત્યાંથી ફરે નહિં, એમ સ્થાપ્યું. અચળપણાને પામી છે. બે શબ્દ થયા.

ત્રીજું, વળી તે કેવી છે ? ધ્રુવમ્ અચલમ અનુપમ હવે અનુપમની વ્યાખ્યા કરે છે; “ જગતમાં જે સમસ્ત ઉપમાયોગ્ય પદાર્થો છે તેમનાથી વિલક્ષણ અદ્‌ભુત માહાત્મ્ય હોવાથી ” આહાહા ! “ તેને કોઈની ઉપમા મળી શકતી નથી. ” સિદ્ધ કેવા ? કે સિદ્ધ જેવા. એના જેવા એ. એના સિદ્ધ જેવા સિદ્ધ. એને બીજી કોઈ ઉપમા આપી શકાતી નથી. આહાહા ! ઉપમા આપવા યોગ્ય પદાર્થો છે તેમનાથી વિલક્ષણ અદ્‌ભુત માહાત્મ્ય હોવાથી તેને કોઈની ઉપમા મળી શકતી નથી. “ આ વિશેષણથી ચારે ગતિઓમાં જે પરસ્પર કથંચિત્ સમાનપણું મળી આવે છે ” ચક્રવર્તીનું સુખ, ઈંદ્ર જેવું, ઈંદ્રનું સુખ ચક્રવર્તી જેવું અંશે પણ સમાન મળી આવે, પણ અહીંયા કાંઈ મળે એવું છે નહીં. સિદ્ધની ગતિમાં કોઈ ઉપમા મળી શકે તેમ નથી. આહાહા ! પરસ્પર

કથંચિત્ સમાનપણું ચાર ગતિમાં મળી આવે છે " તેનો અહીંયા પંચમગતિમાં વ્યવચ્છેદ થયો. "

" વળી તે કેવી છે ? " એ વિશેષ કહ્યું-ત્રણ તો પાઠ ( માં ) છે, ધ્રુવ, અચલમ્ અનુપમ, હવે ગતિ છે ને ગતિ એ ગતિ છે એ અપવર્ગ છે એમ સિદ્ધ કરવું છે. આહાહા ! ત્રણ વર્ગથી જુદી અપવર્ગ છે, છે ? જુઓ, આહાહા ! અપવર્ગ તેનું નામ છે " અપવર્ગ કેમ કહેવો " કે, ધર્મ નામ પુણ્ય, અર્થ નામ લક્ષ્મી, કામ નામ વિષય એ ત્રિવર્ગ કહેવાય છે, ત્રિવર્ગ કહેવાય છે. આહાહા ! મોક્ષગતિ તે આ વર્ગમાં નહિં હોવાથી મોક્ષગતિ પુણ્યમાં નથી, પૈસા લક્ષ્મીમાં નથી, અને વિષયમાં નથી, ત્રણ વર્ગથી જુદી અપવર્ગ છે, વર્ગ વિનાની છે, વર્ગ ત્રણ છે પુણ્ય, પાપ એટલે લક્ષ્મી મળવી અને આ વિષય, અપવર્ગ કીધું ને ? અર્થ અને કામ એટલે વાસના એનાથી રહિત છે. " આવી પંચમ ગતિને સિદ્ધ ભગવંતો પામ્યા છે. " આહાહા ! એના ભાવમાં એનું ભાસન આવવું જોઈએ કે સિદ્ધ ગતિ આવી છે તે રીતે તેને ધર્મ, અર્થ ને કામથી જુદી- ત્યાં પુણ્યેય નથી, જ્યાં વિષય વાસના નથી ( અને ) જ્યાં લક્ષ્મી નથી. આહાહા ! તેમને આવા સિદ્ધ ભગવંતોને ઓળખીને કહું છું એમ કહે છે. આવા સિદ્ધ ભગવંત ધ્રુવ, અચલં ને અનુપમ, ત્રિવર્ગથી જુદા અપવર્ગ. આહાહા ! એવી દશાને " સ્વભાવભાવભૂતતયાં " પામેલાને હું, ફરીને કહે છે. " તેમને પોતાના અને પરના આત્મામાં સ્થાપીને. " આહાહાહા ! કહું છું એમ કીધું છે એટલે સાંભળનારા તો છે અને કહેનાર અને સાંભળનારા બેય વોચ્છામિમાંથી નીકળ્યા. અને બેય જણામાં સિદ્ધપણું સ્થાપું છું. અનંતા અનંતા અનંતા અનંતા સિદ્ધો, અનંતા અનંતા સર્વજ્ઞો, અનંતા અનંતા અનંત કેવળીઓ ! એક કેવળી બેસવું કઠણ એક કેવળીના દ્રવ્ય ગુણ પર્યાયને જાણે, તો પોતાના આત્માને જાણે અને એનો મોહ નાશ થાય, આહાહા ! તો આવા અનંતા સિદ્ધોને આહાહા ! શ્રોતાના જ્ઞાનની પર્યાયમાં, રાગમાં નહીં, રાગ નહીં, આહા ! આહાહા ! એને પર્યાયમાં અનંતા સિદ્ધોને આવા સિદ્ધો, ધ્રુવ અચલં અનુપમ અને અપવર્ગને પામેલા, એવા અનંતા સિદ્ધોને, એ ઓળખાણ કરીને કહું છું કે, આવી પર્યાયમાં મને ( હું ) સ્થાપું છું, અને સાંભળનારની પર્યાયમાં સ્થાપું છું. આહાહા ! આખું લશ્કર ઉપાડયું છે, પોતે અને સાંભળનારને આમ ભેગાં લઈને હારે જાણે. આહાહા ! આવ્યું ' છે ને છેલ્લું, છેલ્લું છેલ્લું.

અહીં છેલ્લું કીધું છે ને ' મજજન્તુ '-આખો લોક આવીને-નથી આવતું ? છેલ્લો કળશ જીવ અધિકારનો-આખો લોક આવી જાય, કોઈ બાકી નહિં. આહાહા ! એમ અહીં સાંભળનારાઓ પણ આવા હોય, એ જીવો પણ, આહાહા ! સિદ્ધ પદને તેમની પર્યાયમાં સ્થાપું છું. એટલે એનું લક્ષ પણ દ્રવ્ય ઉપર રહેશે અને અમારી વાત સાંભળશે તો એની શુદ્ધિ થઈ જશે, આહાહાહા ! એમ કહે છે. આહાહા !

તેમને પોતાના અને પરના આત્મામાં સ્થાપીને, આહાહા ! " સમયનો- સર્વ પદાર્થોનો અથવા જીવ પદાર્થનો પ્રકાશક એવો. " વોચ્છામિ ' સમય શબ્દ આવ્યો 'તો ને ? વોચ્છામિ સમય પાહુડમ્ એની વ્યાખ્યા કરે છે હવે, પછી શ્રુતકેવળીની કરશે; ' સમય નામ સર્વ પદાર્થોનો અથવા જીવ પદાર્થનો પ્રકાશક એવો પ્રાભૃત નામનો અર્હત્પ્રવચનનો અંશ છે ' આ તો. આહાહા ! ભગવાનની વાણી અર્હંતની વાણી, ત્રિલોકનાથ, જિનેશ્વર, પરમેશ્વર એની જે વાણી એનો આ અંશ છે, પુરું તો મારી પાસે ક્યાં છે, કહે છે. આહાહા ! અર્હત પ્રવચન, અર્હત, અરિહંત એમ

નથી લીધું, જેને કંઈ બાકી નથી એવા પૂરણ જાણનારના પ્રવચનનો, પૂરણ જાણનારના પ્રવચનનો, આહાહા ! એક અંશ છે આ, અવયવ છે આ તો. આહાહાહા !

" અનાદિ કાળથી ઉત્પન્ન થયેલ મારા અને પરના મોહના નાશ માટે, " આહાહાહા ! અહો... " ભવ્ય જીવો " એમ કરીને. હું મોહના નાશ માટે કહું છું. આહાહા ! મારામાં પણ જરી અસ્થિરતાનો અંશ છે, એનો પણ નાશ થશે અને શ્રોતાઓને પણ મિથ્યાત્વ અને અવ્રતનો નાશ થવા માટે હું આ કહું છું. આહાહાહા ! અનાદિ કાળથી ઉત્પન્ન થયેલ મારો અને પરનો મોહ, ભાઈ મુનિને મોહ હોય નહિ ને ! ( અસ્થિરતાનો ) એ અસ્થિરતાનો એ કીધું ને ! પોતે કીધું ને ! અમૃતચંદ્રાચાર્યે ( કહ્યું કે ) કલ્માષિતાયા અનાદિનો અશુદ્ધતાનો અંશ છે એ બાધક છે એના નાશને માટે મારી આ ટીકા છે. આહાહા ! એ અશુદ્ધતાથી મને નિર્મળ થશે એમ નહીં, ( પરંતુ ) અશુદ્ધતાના કાળમાં એનું વલણ કરતાં કરતાં મારું લક્ષ ધ્રુવ ઉપર જાય છે વિશેષ એનાથી તે અશુદ્ધતાનો નાશ થશે. આહાહાહા !

અહીંયા પણ કહે છે મારા અને પરના મોહના નાશ માટે શું કહે છે કુંદકુંદાચાર્ય " હું પરિભાષણ કરું છું. " મારો મોહ અને પરના મોહના નાશ માટે આ પરિભાષણ કરું છું. આહાહાહા ! સમજાણું કાંઈ ? આહાહા ! વોચ્છામિ છે ને ? વક્ષ્યામિ, વોચ્છામિમાંથી, વક્ષ્યામિમાંથી આ બધું કાઢયું– ( કહ્યું ) પરિભાષણ કાઢયું એમાંથી.

વક્ષ્યામિ એમ છે ને ? કહીશ હું ? શું પરિભાષણ એટલે જે જે સ્થાને જરૂર છે ત્યાં ત્યાં તે તે ભાવ આવશે, ગાથા રચના અક્ષરોની થશે, આહાહા ! એવા પરિભાષણને હું કહીશ. આહાહા ! મારા અને પરના મોહના નાશ માટે પણ આ સિદ્ધાંત, આ છે. હું કહીશ, પણ મારી પણ અશુદ્ધતા છે જરી થોડી, એના નાશ માટે અને શ્રોતાઓના પણ મોહના નાશ માટે હું આ કહીશ. આહાહાહાહા ! જોર તો કેટલું છે જુઓને ! ! સિદ્ધને ઊતાર્યા હેઠે, પ્રભુ તમે ઉપર અને અમે અહીંયા હેઠે, તમે જરી અહીં આવો પછી હું પણ તમારી પાસે આવીશ ત્યાં ઉપર. આહાહા ! મારી પર્યાયમાં તમે પધારો હું પછી તમે જ્યાં છો ત્યાં આવીશ. આહાહા ! મારી પર્યાયમાંથી મોહના નાશ માટે મેં આ સ્થાપ્યું છે કહે છે. આહાહા ! મારા આત્મામાં અને શ્રોતાના આત્મામાં, મોહના નાશ માટે મેં વક્ષ્યામિ ( એટલે કે ) એને માટે આ પરિભાષણ શરૂ કર્યું છે, શરૂ કર્યું છે, એમ આવ્યું 'તું ને ? આહાહાહાહા ! શું કુંદકુંદાચાર્ય અને શું એની વાણીમાં એકેક અક્ષરમાં કેટલો મર્મ ભર્યો છે. આહાહાહાહા ! આ શ્વેતાંબરમાં તો એમ કહે– " સંયમે આવશં તં ભગવતયા " ભગવાને એમ કહ્યું છે એ હું કહીશ. " આ તો કહે છે હું કહીશ. ભગવાન પાસેથી સાંભળેલું છે, પણ કહેનારો હું છું અત્યારે. આહાહા ! અને હું મારા વૈભવથી કહીશ. આહાહા ! મને પ્રગટેલી દશાથી સમય પ્રાભૃતને હું કહીશ, આહાહા ! એ પ્રવચનનો અવયવ છે. આહાહા !

હું પરિભાષણ કરું છું. આહાહા ! ત્યાંય લોકો તર્ક કરે છે જુઓ પરિભાષણ કરું છું. કથન કરું છું, ( કહ્યું છે ) પણ બીજું આવે શું ? વ્યવહારમાં આવે શી રીતે ? બાકી તો વાણી વાણીને કારણે નીકળે છે. પણ વાણીમાં જે કહેવાનો આશય છે જ્ઞાનમાં, એ નિમિત્ત છે એથી એમ કહેવામાં આવે, કે હું કહીશ. કારણ કે જ્ઞાનને પહેલું આમાં આવ્યું 'તું ને કે જ્ઞાનનો જે સ્વભાવ છે મારો એનાથી હું કહીશ. છે ને ? આહાહા ! ભાવશ્રુત કરીને કહીશ. આહાહા ! મારા સ્વભાવમાં

પણ સિદ્ધપદને સ્થાપ્યું અને પરને પણ સ્થાપ્યું, અને હવે હું મોહના નાશ માટે મોહ ( શબ્દ ) સમુચ્ચય વાપર્યો છે. એટલે પોતાને મોહ કાંઈ દર્શનમોહ નથી. અને શ્રોતાને દર્શનમોહ અને ચારિત્રમોહ બેય હોય. પણ મારા અને તારા આ બધા( ના ) મોહના નાશ માટે આ છે કહે છે. રાગને રાખવા માટે નથી. ભલે અમે કહીએ અને તને પ્રેમ આવે ને શુભરાગ આવે, પણ રાગ રાખવા માટે આ કથન નથી. આહાહાહા !

કારણ કે અહીંયા તો વીતરાગતાનું વર્ણન કરવું છે અને ચારેય શાસ્ત્રના કથનનો સાર, વીતરાગતા છે. પંચાસ્તિકાયની ૧૭૨ ગાથામાં આવે છે, ચારે અનુયોગોનો સાર વીતરાગતા છે. આ અનુયોગમાં આમ છે ને આ અનુયોગમાં આમ છે, એમ નથી. ચારેય અનુયોગોનો સાર પંચાસ્તિકાયની ૧૭૨ ગાથામાં કહ્યું વીતરાગતા છે. એનો અર્થ એ થયો કે ચારે અનુયોગમાં કહેવાનો આશય સ્વ-દ્રવ્યનો આશ્રય કરવાનો છે કે જેથી વીતરાગતા પ્રગટે. આહાહા ! ચારે અનુયોગ, ચાહે તો ચરણાનુયોગ હોય, કરણાનુયોગ હોય, કથાનુયોગ હોય. પ્રભુ તો એમ કહે અમૃતચંદ્રાચાર્ય, કુંદકુંદાચાર્ય ચારેય અનુયોગનો સાર શાસ્ત્રના શબ્દથી તો કહેતા આવ્યા છીએ, સૂત્ર તાત્પર્ય પણ આખું શાસ્ત્રનું તાત્પર્ય વીતરાગતા છે. અને એ વીતરાગતા. આહાહા ! પ્રગટ કરવા માટે અને આ રાગનો નાશ કરવા માટે આ વાણી નીકળશે. આહાહા ! ગજબ વાત છે ને ! !

સહેજે વાણી નીકળી ગઈ છે ને ! આહાહા ! ( અમારા ભી અહોભાગ્ય ઐસા ) એવી વાત છે. વાત તો સાચી છે. ઓહો ! સિદ્ધના સમીપમાં જવાનો માર્ગ તો આ છે. એ માટે તો કહીશ હું કહે છે. આહાહા ! સંસારમાં ક્યાંય રોકાવા માટે નહિં, નાશને માટે કહીશું. ગજબ વાત છે ને ! અમારું કથન જેટલું આવશે એ બધામાં મિથ્યાત્વ અને રાગ દ્વેષના નાશને માટે કથન છે- ક્યાંય મિથ્યાત્વ અને રાગદ્વેષને રાખું એવું કથન હોય જ નહિં કેમ કે આ તો વીતરાગ સર્વજ્ઞ ત્રિલોકનાથથી સાંભળેલું છે અને એ રીતે પરિણમી ગયું છે, આહાહાહા ! અને શ્રુતકેવળી પાસેથી પણ ચર્ચા કરીને પરિણમી ગયું છે અમને, અમે પંચમ આરાના સાધુ, માટે અમારી આ વાણી સાધારણ છે, અને એનું ફળ સાધારણ એમ ન સમજો. આહાહા ! પંડિતજી ?

આ તો અંદર ભાવ, આહાહા ! માખણ ભર્યું છે ને માખણ. આહાહા ! “ કેવો છે તે અર્હંત્પ્રવચનનો અવયવ ” આહાહા ! આ સમયસાર ( ગ્રંથ ) કેવો છે ? કે “ અનાદિનિધન પરમાગમ શબ્દબ્રહ્મથી પ્રકાશિત હોવાથી ” આહાહા ! પહેલો તો ઉત્પન્ન થયેલા મોહના નાશ માટે ( કહ્યું ) હવે હું પરિભાષણ કરું છું. કેવો છે તે પ્રવચન ? કે અનાદિ અનંત એવો પરમાગમ શબ્દબ્રહ્મથી પ્રકાશિત હોવાથી. આહાહાહા ! અનાદિ અનંત એવો પરમાગમ એવા શબ્દબ્રહ્મ એનાથી પ્રકાશિત થયેલો હોવાથી. આહાહા ! વાણી છે તે અનાદિની નીકળે જ છે એમ કહે છે, દિવ્ય ધ્વનિ અનાદિ સંતોની વાણી, કેવળીઓની નીકળે જ છે. અનાદિનિધન- અનાદિ, આદિ નહિ અને અનિધન, નિધન એટલે અંત નહિ. જેનો અંત નહિં અને જેની શરૂઆત નહિં, એવું પરમાગમ શબ્દબ્રહ્મ, શબ્દબ્રહ્મ છે એ, જેમ ભગવાન પરમબ્રહ્મ છે આત્મા. આહાહા ! એમ આ વાણી પણ શબ્દબ્રહ્મ છે. સર્વ વ્યાપક શબ્દ પૂરણ- બધી વાતને કહેનાર છે. આહાહા ! જેમ ભગવાન આત્મા પરમબ્રહ્મ સર્વજ્ઞ સ્વરૂપે છે એમ વાણી પણ સર્વનું વાસ્તવિક સ્વરૂપ કહેનારી ( પણ ) તે શબ્દબ્રહ્મ છે. આહાહા ! એ શબ્દબ્રહ્મથી પ્રકાશિત હોવાથી. આહાહા ! એટલે તો

પ્રકાશિત કીધું વાણી, સમયપ્રાભૃત કહ્યું છે ને ! સમયપ્રાભૃત કહીશ–

હવે " શ્રુતકેવળી ભણીયં " એ ચોથું પદ છે એનો અર્થ ચાલે છે. આહાહાહા ! " સર્વ પદાર્થોના સમૂહને સાક્ષાત્ કરનાર, " સર્વ પદાર્થોના સમૂહને સાક્ષાત્ કરનાર, સમજાવવું છે તો શી રીતે સમજાવે ? એક કોર કહે બીજા પદાર્થને જાણવું એ અસદ્ભૂત છે, પણ અહીંયા તો સર્વ પદાર્થને સાક્ષાત્ કરનાર એવો જ્ઞાનનો સ્વભાવ છે એમ સિદ્ધ કરવું છે; કેવળજ્ઞાનીનો. આહાહાહા !

સર્વ પદાર્થોના સમૂહ. આહાહાહા ! અનંતા દ્રવ્યો, અનંતા દ્રવ્યોના અનંતા ગુણો, અનંતી પર્યાય એના ઢગલા પડયા છે આખા લોકમાં, આહાહા ! સમૂહ છે. આહાહા ! અનંત આત્માઓ છે એ કેવળજ્ઞાનના કંદ પડયા છે, પ્રગટરૂપે સિદ્ધ છે એ પર્યાયની શોભાથી પ્રગટ છે. એ બધા પદાર્થોમાં આવી જાય છે, સર્વ પદાર્થના સમૂહને સાક્ષાત્ કરનાર કેવળી ભગવાન. કોઈ આમાં એમ કહે કે શ્રુતકેવળી ભણિયં કહ્યું છે. એણે બેય ક્યાંથી કાઢયા ? કે બેય એમાંથી નીકળે છે. નિયમસારમાં ચોખ્ખા બે શબ્દ જૂદા પાડયા છે " કેવળી " ' શ્રુત કેવળી ભણિયં '. પહેલું પદ છે નિયમસારમાં, એ કહેવાનો આશય આમાં પણ એ જ છે. આહાહા !

કેવળી ભગવાન સર્વજ્ઞથી પ્રણીત હોવાથી આહાહાહા ! કોલ કરાર ! ! મહાવ્રતધારી છું હું મુનિ, સત્યવ્રતધારિ છું એ હું કહું છું, આહાહા ! કે આ અર્હંતનો આ પ્રવચન, એ સાક્ષાત્ કેવળી ભગવાનના શ્રવણથી કહેલું છે, એનાથી કહેલું છે. આહાહા ! દુઃખ લાગે બીજા સાધારણ માણસને દુઃખ લાગે, શ્વેતાંબરને કે પણ આ વાણી છે જ નહિ ત્યાં, આ સ્થિતિ જ ત્યાં નથી. બધી કલ્પિત વાતો કરીને ઊભું કર્યું છે ત્યાં. બાપા શું થાય ? આહાહા ! અહીંયા તો સર્વજ્ઞ ભગવાન, કેવા ? કે સર્વ પદાર્થોના સમૂહને સાક્ષાત્, પ્રત્યક્ષ કરનાર, એવા સર્વજ્ઞથી પ્રણીત, સર્વજ્ઞથી પ્રણીત, નિમિત્તથી કથન છે ને ? એનાથી કહેવાયેલું હોવાથી, એનાથી કહેલું હોવાથી એક વાત. બીજું ' કેવળીઓના નિકટવર્તી સાક્ષાત્ સાંભળનાર ' આહાહાહા ! પ્રભુના સમોસરણમાં નજીકમાં બિરાજમાન શ્રુત કેવળીઓ. ઓહોહો ! ભગવાનની વાણી નીકળતી, એના સમોસરણમાં નિકટવર્તી નજીક સાંભળનારા બેઠા છે. આહાહાહા ! નિકટવર્તી કેવળીઓના– નજીકમાં રહેનારા– સાક્ષાત્ સાંભળનારા, બીજે કીધું ને એણે સાંભળ્યું, એમ નહિ. આહાહા ! ભગવાનની સીધી વાણી, સમોસરણમાં સીધી સાંભળનારા. આહાહાહા ! તેમજ પોતે અનુભવ કરનારા–ભગવાનની નિકટમાં ભગવાનની વાણી તો સાંભળી તો ખરી સીધી. સીધી સાંભળી ત્યાં અને અનુભવ કરનારા, એકલું સાંભળ્યું એમ નહીં. આહાહાહા !

આ તો શ્રુતકેવળીની વ્યાખ્યા ચાલે છે. પોતે અનુભવ કરનારા જાતે અનુભવ કરનારા બીજાએ કહ્યું એટલે હું કહું છું માનું છું, એમ નહીં. આહાહાહા ! પોતાના સ્વરૂપથી પ્રત્યક્ષ અનુભવ કરીને જાણનારા, જુઓ આ શ્રુતકેવળીઓ ! ! આહાહા ! આ શાસ્ત્રની પ્રમાણતા સ્થાપે છે, કે આ શાસ્ત્ર કેવળીના શ્રીમુખે નીકળેલું છે અને નિકટવર્તી શ્રુતકેવળીઓએ કહેલું છે, એણે સાંભળ્યું છે અને અનુભવ્યું છે, એમનાથી કહેલું આ સમયસાર છે. આહાહાહાહા ! સાક્ષાત્ સાંભળનાર તેમજ પોતે અનુભવ કરનાર, આહાહા ! વીતરાગી સ્વભાવનો પોતે અનુભવ કરનાર, ભગવાને વીતરાગભાવ તો કહ્યો પણ સાંભળીને પોતે વીતરાગભાવનો અનુભવ કરનાર, વીતરાગ સ્વરૂપ પ્રભુ આત્મા તો વીતરાગ સ્વરૂપ છે દ્રવ્ય, જિન સ્વરૂપ છે પણ

પર્યાયમાં જિન સ્વરૂપનો અનુભવ કરનાર. આહાહા ! પર્યાયમાં વીતરાગભાવનો અનુભવ કરનાર, જુઓ આ સંતો. આહાહા !

એવા શ્રુતકેવળી ગણધરદેવોએ કહેલ હોવાથી. આહાહા ! આવા શ્રુતકેવળી ગણધરોથી કહેલું છે, કેવળી પરમાત્માએ તો કહેલું છે, પણ આવા શ્રુતકેવળી ગણધરોથી કહેલું છે. કારણકે અમે ભગવાનનું સાંભળ્યું છે, પણ કેટલુંક તો અમે ગણધરો પાસેથી ચર્ચા કરી છે. આહાહા ! ભગવાન પાસે તો ચર્ચા હોય નહિં. એ તો દિવ્ય ધ્વનિ નીકળે. આહાહા ! એમાંથી નાની મોટી સંદેહ ( આ ) શંકાઓ વિશેષ જાણવા માટે, આશંકા– શંકા નહિ પણ આશંકા, એ તો ગણધરો અને સંતો પાસેથી અમે સાંભળ્યું છે. આહાહા !

" એવા શ્રુતકેવળી ગણધરદેવોએ કહેલ હોવાથી પ્રમાણતાને પામ્યો છે. " શું ? એ અર્હંત પ્રવચનનો અંશ, આ સમયસાર અર્હંત પ્રવચનનો એક ભાગ. તે પ્રમાણતાને, પ્રમાણપણાને પામ્યો છે. કેમ ? કે સર્વજ્ઞ ભગવાનથી સીધું સર્વ પદાર્થના જાણનાર પાસેથી સાંભળ્યું છે, અને શ્રુતકેવળી નિકટવર્તી જેણે સાંભળ્યું છે. આહાહા ! કાયમ રહેનારા એમની પાસે, અમે તો કોઈ વાર ગયેલા એમ કહે છે. કુંદકુંદાચાર્ય તો એમ કહે છે. આહાહા ! અમે તો કોઈ વાર ગયેલા છીએ. ગણધરો નિકટવર્તી સદાય હોય છે. આહાહા ! એવા શ્રુતકેવળીઓ અને કેવળી ભગવાનથી કહેવાયેલ હોવાથી આ સમયસાર પ્રમાણતાને પામ્યો છે. આહાહાહાહા ! સિદ્ધાંતને હું કહીશ પણ એ પ્રમાણરૂપે કેમ છે ? કે આ રીતે છે, સર્વજ્ઞ ભગવાને કહેલું છે, આહા ! એનાથી કહેલું હોવાથી, આહાહાહા ! અને નિકટવર્તી કાયમ સાંભળનારા સંતોએ કહેલું હોવાથી કાયમ સાંભળનારા નિકટવર્તીઓએ કહેલું હોવાથી. આહાહા ! ભગવાને કહ્યું એ બીજાએ સાંભળ્યું ને બીજાએ ત્રીજાને કહ્યું એમેય નહિ અહીં તો. આહાહા ! સાક્ષાત્ ગણધરો, તીર્થંકર પાસે નજીકમાં રહેનારા, આહાહાહા ! કેટલું અસ્તિત્વ સિદ્ધ કરે છે અને પ્રમાણતાને કઈ રીતે સિદ્ધ કરે છે, આહાહા ! પ્રમાણતાને પામ્યો છે. આહાહા !

આ સિદ્ધાંત સમયસાર આ રીતે સત્યતાના પ્રમાણતાને પામ્યો છે. આહાહા ! ઓલામાં કોઈએ લખ્યું છે ભગવાનની તો અનંત વાણી એમાંથી આ જ વાણી ભગવાનની છે એ શી રીતે ખબર પડે ?એમ લખ્યું છે ઓલા શ્રમણસૂત્રમાં, જૈનેન્દ્રે ( ૮૩૩ મો શ્લોક છે અંદર ) અહીં છે ને શ્લોક મૂક્યો અંદર કીધુંને ? પ્રમાણતાને પામ્યો છે, અનુભવ કરીને, સર્વજ્ઞથી કહેલું ને કેવળીથી કહેલું, અને અમે અનુભવ કરીને કહીએ છીએ, પ્રમાણતાને પામ્યા છે. ( જૈનેન્દ્ર કહે ) આ જ સાચું છે ને બીજુ સાચું નથી એમ કેમ ? આ જ સાચું છે એમ નહિં, કે ભગવાને તો અનંત જાણ્યું છે ને ? વાણી અનંતમાં ભાગે નીકળી, તેથી આ જ સાચું છે એમ કેમ કહેવું ? એમ નહિં, એમ નહિં પ્રભુ ! તું રહેવા દે બાપુ ! એમ રહેવા દે ભાઈ ! આહાહા ! આ એનું વિદ્યાસાગરે હિંદી બનાવ્યું છે, પ્રભુ ! પોણી સોળ આની એક તત્ત્વ ફરે તો આખું તત્ત્વ ફરી જાય છે ભાઈ. આહાહા ! ભગવાનની વાણી અનંતમે ભાગે નીકળી માટે કોઈએ કંઈક માન્યું કોઈએ કંઈ જાણ્યું માટે આની જ વાણી સાચી એમ કેમ કહેવું ? અરે પ્રભુ તું રહેવા દે એમ રહેવા દે બાપુ. આહાહા ! આહાહા !

સર્વજ્ઞથી સીધું સાંભળ્યું છે અને નિકટવર્તી ગણધરોથી પણ અમે સીધું સાંભળ્યું છે. આહાહા ! અને અમે અનુભવ કરીને કહીએ છીએ ( તું ય અનુભવ કર ) આહાહા ! હજી તો એક

ગાથામાં સમયસારને સિદ્ધ કરવા કેટલી વાત કરે છે. ( સત્ય વાત ! ) આહાહા ! ધન્ય ભાગ્ય. આહાહા ! એટલે કે આત્મા સર્વજ્ઞ સ્વભાવી છે એવું જેણે સર્વજ્ઞ સ્વભાવ પ્રગટ કર્યો છે એમણે કહેલું છે અને સર્વજ્ઞ સ્વભાવી માનનારાઓ પણ છદ્મસ્થ શ્રુતકેવળીઓ, એમણે ભગવાન પાસેથી નિકટવર્તીએ સાંભળ્યું છે એકે કહ્યું ને બીજાએ એને કહ્યું એમ નહિં. સાક્ષાત્ ભગવાનની વાણી આમ સીધી કાને પડી છે. આહાહાહાહા ! આહાહા !

આ તો હજી સમયસાર કહીશ–પહેલી ગાથા અને નિર્માનતા તો જુઓ એમની પાછી. આહાહા ! ભગવાને કહેલું છે બાપુ. શ્રુતકેવળીએ કહેલું છે એ કહીશ. આહાહા ! પછી કહેશે કે મારા વૈભવથી કહીશ. પણ આંહી અત્યારે જરી વિનય એટલો સ્થાપે છે વિનય કેટલો સ્થાપે છે. આહાહા ! હું કહીશ માટે પ્રમાણતાને પામશે એમ ન પહેલુ કહ્યું અહીંયા. આહાહાહાહા ! એ સર્વજ્ઞ પ્રભુની અસ્તિ સ્થાપી, અને તે સર્વજ્ઞને વાણીવાળા સ્થાપ્યા, શરીરવાળા સ્થાપ્યા, સિદ્ધ નહિ, સિદ્ધ નહિં. વાણીવાળા એટલે અરિહંતને સ્થાપ્યા કે જેને વાણી છે, આહાહા ! પ્રણીત એમ કહ્યું તું ને ? પ્રણીત ( પ્રણીત ) આહાહા ! ' પ્રણીત ' છે જુઓને. સર્વજ્ઞથી પ્રણીત વાણી છે. સર્વજ્ઞ તો સિદ્ધેય છે, પણ એને વાણી નથી. આ તો અરિહંત સર્વજ્ઞથી પ્રણીત વાણી. આહાહાહાહા ! અને એમેય સિદ્ધ કર્યું, જેમ સિદ્ધો અનંત થયા એમ સર્વજ્ઞ ( અરિહંત ) પણ છે, પછી શરીર રહિત થશે, પણ એ સર્વજ્ઞ છે તો ક્યાંક છે કે નહિ ? જેમ શરીર રહિત સિદ્ધ થયા એ પણ કોઈ ક્ષેત્રમાં છે કે નહિ કે એ ઉપર છે. તો જેને હજી વાણી છે અને સિદ્ધ થયા નથી અને સર્વજ્ઞ થયા છે, તો એની કોઈ સ્થિતિ, કોઈ ક્ષેત્ર છે કે નહિં ? આહાહા ! ઘણું સમાડયું છે. ક્ષેત્ર સિદ્ધ કરે છે ભગવાન મહાવિદેહમાં બિરાજે છે. આહાહા !

જ્યાં વાણી નીકળે છે એની પાસેની આ વાત આવી. આહાહા ! અહીં તો જ્યાં થોડા બોલ આવડે ત્યાં એને થઈ જાય ( ગર્વ ) આ તો કહે છે. ( મુનિરાજ ) આવું જે હું સમયસાર કહીશ જે. છતાં એ તો ભગવાન પાસેથી સાંભળેલું છે અને ગણધરો પાસેથી નિકટવર્તી સાથે ચર્ચાઓ કરીને નક્કી કર્યું છે. આહાહા !

અને પાંચમી ગાથામાં એમ આવ્યું ને કે અમારા ગુરુએ અમને અનુગ્રહ કરીને શુદ્ધાત્માનો ઉપદેશ આપ્યો. આહાહા ! ત્યાં ગુરુને લીધા. આહાહા ! અમને અમારા ગુરુએ અનુગ્રહ મહેરબાની કરી અમે પાત્ર હતા માટે આપ્યું એમ ન લીધું. એમની કૃપાથી અમને શુદ્ધાત્માનો ઉપદેશ મળ્યો. આહાહા ! એ વૈભવથી હું કહીશ, ત્યાં એમ કહેશે; અહીં તો હજી શરૂઆત કરે છે ને ? ( ઘણો માલ કાઢયો સાહેબ આપે ) છે કે નહીં; આમાં પંડિતજી ? પંડિતો બે બેઠા છે સામે, જિજ્ઞાસા લઈને બેઠા છે ને જિજ્ઞાસા લઈને, ત્યાંથી છેલ્લે લઈને આવ્યા છે ને ? આહાહા !

અન્યવાદીઓના આગમની જેમ અલ્પજ્ઞાનીની કલ્પના માત્ર નથી. આહા ! આ સિવાય બીજા જે કાંઈ કહેલા છે. આહાહાહાહા ! આકરું લાગે બીજાને દુઃખ લાગે બાપા ! તુંય પણ ભગવાન છો ભાઈ !

અન્યવાદીઓના આગમની જેમ અલ્પજ્ઞ કલ્પના એણે તો કલ્પનાથી આગમ રચ્યા છે; જોયું નથી, જાણ્યું નથી જગતનું સ્વરૂપ–સર્વ પદાર્થનો સમૂહ જાણ્યો નથી, જાણ્યા વિના કલ્પનાથી શાસ્ત્રો બનાવ્યા એ પ્રમાણભૂત નહીં. આહાહા ! આવી વાત છે.

દિગંબર સંતો ! મરી ગયેલા રાગથી છે. આહાહા ! અરે ! એકલી નિર્માન દશાથી ( કહે છે ) અમે ભગવાન પાસેથી સાંભળેલું કહીશું અને નિકટવર્તી ગણધરો, ગણધરોના નિકટવર્તી વર્તનારાએ એનાથી કહેલું કહેશું. પણ પ્રભુ–તમે અહીં છો ત્યાં તો ગણધર અને ભગવાન અહીં નહોતા ને ? સાંભળ. સાંભળ. કુંદકુંદાચાર્ય તો હતા પણ અમૃતચંદ્રાચાર્ય કળશ–ટીકાકાર કહે છે હું એમ કહીશ પંડિતજી ? ( કાનજી સ્વામી તો કહે કે હું પણ કહું છું ) આહાહા !

અમૃતચંદ્રાચાર્ય તો નહોતા ગયા. ગયા ’તા, ગયા ’તા પ્રભુ સાંભળ તું. આહાહા ! ભગવાન કુંદકુંદાચાર્ય તો ત્યાં ગયા હતા બધી વાત એની સાચી, હવે એની ય શંકા કરે છે લોકો– વિદ્યાનંદજી ( કહે ) કુંદકુંદાચાર્ય ત્યાં ગયા હતા એનો આધાર શું ? એવી શંકા, અરે પ્રભુ આમ ન હોય ભાઈ, હિતના પંથમાં આવી શંકાઓ ન હોય પ્રભુ. આહાહા ! બહારની મોટપ જગતને મારી નાખશે બાપા. આહાહા ! આ કુંદકુંદાચાર્ય કહે છે કે કલ્પનાથી આગમ બનાવ્યા એમ કરીને, બધા નાખ્યા છે. દિગંબર સિદ્ધાંત સિવાય બધાએ કલ્પનાથી બાંધેલા છે. એ અપ્રમાણ હોય એમ નથી એમ કહે છે જેથી અપ્રમાણ હોય એવું આમાં નથી. આહાહા ! ( એમ એ લોકો કહે છે )

વિશેષ કહેશે– પ્રમાણ વચનગુરુદેવ